## તંત્રી સ્થાનેથી......

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે નાણાકીય વર્ષ ૨૦૩૦–૩૧ સુધી અમલીકરણ માટે રૂ. ૮૪,૦૮૪ કરોડના મંજૂર થયેલા ખર્ચ સાથે પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયની સેન્ટ્રલ સેક્ટર સ્કીમ — 'સમુદ્ર મંથન' (રાષ્ટ્રીય ઓફશોર અન્વેષણ યોજના /નેશનલ ઓફશોર એક્સપ્લોરેશન સ્કીમ) ને મંજૂરી આપી છે. આ યોજના ભારતની વિશાળ ઓફશોર ઊર્જાક્ષમતાને અનલોક કરવા માટે સ્વતંત્રતા દિવસ ૨૦૨૫ ના રોજ લાલ કિલ્લા પરથી પ્રધાનમંત્રી દ્વારા વ્યક્ત કરવામાં આવેલા આધુનિક યુગના 'સમુદ્ર મંથન' ના દ્રષ્ટિકોણને સાકાર કરે છે. તે ભારતની ઊર્જા સુરક્ષાને મજબૂત કરવા, સ્થાનિક સંશોધન અને ઉત્પાદન (E&P) ને વેગ આપવા, ટેકનોલોજીકલ નેતૃત્વને પ્રોત્સાહન આપવા અને વિકસિત ભારતના દ્રષ્ટિકોણને આગળ ધપાવવા તરફનું એક ઉત્કૃષ્ટ પગલું દર્શાવે છે. આ યોજના ઓફશોર એક્સપ્લોરેશન વેલ્યુ ચેઈનમાં વ્યાપક હસ્તક્ષેપોને આવરી લે છે. તે ઉચ્ચ ગુણવત્તાવાળા સિસ્મિક ડેટાનું મોટા પાયે સંપાદન, પ્રોસેસિંગ અને ઈન્ટરપ્રીટેશન, ઝડપી ડીપવોટર (ઊંડા પાણી) અને અલ્ટ્રા-ડીપવોટર એક્સપ્લોરેટરી ડ્રિલિંગ, સીમાંત બેસિન (frontierbasins) માં વૈજ્ઞાનિક ડ્રિલિંગ, સામાન્ય ઓફશોર પ્રોડક્શન અને ઈવેક્યુએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ, તેમજ એકીકૃત ઓઈલ એન્ડ ગેસ મેન્યુફેક્ચરિંગ એન્ડ સર્વિસીસ ઝોનની સ્થાપના પૂરી પાડે છે. તેમાં ડિજિટલ પ્રોગ્રામ મેનેજમેન્ટ, ક્ષમતા નિર્માણ, ટેકનોલોજી અપનાવવા, હિતધારકોના જોડાણ અને આંતરરાષ્ટ્રીય પહોંચ માટે સમર્પિત જોગવાઈઓનો પણ સમાવેશ થાય છે, જે દેશમાં ઓફશોર સંશોધન અને ઉત્પાદનને વેગ આપવા માટે એક સંકલિત ઈકોસિસ્ટમ બનાવે છે. 'સમુદ્ર મંથન' થી ૬૦૦ મિલિયન મેટ્રિક ટન ઓફ ઓઈલ ઈક્વિવેલન્ટ (MMTOE) થી વધુ રિઝર્વ એક્યુરેશન (અનામત જથ્થામાં વધારો) ની અપેક્ષા છે, જે ઓફશોર એક્સપ્લોરેશન પ્રવૃત્તિમાં નોંધપાત્ર વધારો કરશે, સ્થાનિક ક્રૂડ ઓઈલ અને ગેસના ઉત્પાદનને પ્રોત્સાહન આપશે, મોટા પાયે રોજગારીનું સર્જન કરશે, 'મેક ઈન ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત' હેઠળ સ્વદેશી ઉત્પાદનને મજબૂત કરશે અને ઓફશોર ટેકનોલોજી અને સેવાઓ માટે વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ઈકોસિસ્ટમને ઉત્તેજન આપશે. આ યોજનાથી એક્સપ્લોરેશન અને પ્રોડક્શન વેલ્યુ ચેઈનમાં મોટા પ્રમાણમાં રોકાણ પ્રેરિત થવાની પણ અપેક્ષા છે, જે ઉદ્યોગ, નવીનતા અને આર્થિક વૃદ્ધિ માટે લાંબા ગાળાની તકો ઊભી કરશે. જેમ જેમ ભારત વિકસિત રાષ્ટ્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે, તેમ 'સમુદ્ર મંથન' એક પરિવર્તનકારી રાષ્ટ્રીય પહેલનું પ્રતિનિધિત્વ કરે છે જે દેશના ઓફશોર ઊર્જાસંસાધનોને અનલોક કરશે, લાંબા ગાળાની ઊર્જા સુરક્ષાને મજબૂત કરશે, ટેકનોલોજીકલ ક્ષમતાઓને પ્રગાઢ બનાવશે અને અર્થતંત્ર તથા ભવિષ્યની પેઢીઓ માટે કાયમી મૂલ્ય ઊભું કરશે. છેલ્લા દાયકામાં, સરકારે અપસ્ટ્રીમ સેક્ટરમાં પરિવર્તનકારી સુધારાઓ હાથ ધર્યા છે, જેમાં એક્સપ્લોરેશન માટે લગભગ તમામ ઓફશોર વિસ્તાર ખુલ્લો મૂકવો, કાયદાકીય અને કરારબદ્ધ માળખાનું આધુનિકીકરણ કરવું અને નેશનલ ડેટા રિપોઝિટરીને મજબૂત કરવાનો સમાવેશ થાય છે.

# આયુષ મંત્રાલય અને ઈન્ડિયાએઆઈએ પરંપરાગત તબીબી પદ્ધતિઓના ભવિષ્ય માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરવા હાથ મિલાવ્યા

### આયુષ ક્ષેત્રમાં AI-સંચાલિત નવીનતાને વેગ આપવા, સંશોધન, ડિજિટલ સ્વાસ્થ્ય અને ક્ષમતા નિર્માણને મજબૂત કરવા સમજૂતી કરાર



કમલમ્,

આયુષ ઈકોસિસ્ટમને મજબૂત કરવા માટે ઉભરતી ટેકનોલોજીનો ઉપયોગ કરવા તરફના એક મહત્વપૂર્ણ પગલામાં, આયુષ મંત્રાલય અને ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (MeitY) ની 'ઈન્ડિયાએઆઈ'એ આયુષ ક્ષેત્રમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)-સંચાલિત નવીનતાને પ્રોત્સાહન આપવા માટે એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આયુષ મંત્રાલય અને ઈન્ડિયાએઆઈના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં આયુષ મંત્રાલયના સંયુક્ત સચિવ અને મુખ્ય વિજિલન્સ અધિકારી ડૉ. કવિતા જૈન અને ઈન્ડિયાએઆઈ મિશનના ચીફ ઓપરેટિંગ ઓફિસર તથા MeitY ના સંયુક્ત સચિવ શ્રી સુદીપ શ્રીવાસ્તવ દ્વારા સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આયુષ ઈકોસિસ્ટમમાં સંશોધન અને નવીનતાને મજબૂત કરવા માટે AI ની ક્ષમતા પર પ્રકાશ પાડતા, ડૉ. કવિતા જૈને ભારપૂર્વક જણાવ્યું હતું કે આયુષ સાથે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું સંકલન પુરાવા-આધારિત સંશોધન, જ્ઞાન વ્યવસ્થાપન અને નવીનતા માટે નવા માર્ગો ખોલશે. તેમણે ઉમેર્યું હતું કે ઈન્ડિયાએઆઈ સાથેનો સહયોગ સંશોધન, ઔષધીય વનસ્પતિઓ, ડ્રગ એડમિનિસ્ટ્રેશન અને ક્ષમતા નિર્માણ જેવા ક્ષેત્રમાં અદ્યતન AI ક્ષમતાઓનો ઉપયોગ કરવામાં મદદ કરશે, જે આયુષ ઈકોસિસ્ટમને વધુ ટેકનોલોજી-સંચાલિત અને ભવિષ્ય માટે તૈયાર બનાવશે. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (MeitY) ના સંયુક્ત સચિવ શ્રી સુદીપ શ્રીવાસ્તવે ભારતની પરંપરાગત જ્ઞાન પ્રણાલીઓ સાથે આધુનિક ટેકનોલોજીને જોડવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ઈન્ડિયાએઆઈ અને આયુષ મંત્રાલય વચ્ચેનો આ રૈ પરંપરાગત સ્વાસ્થ્ય સંભાળ ડેટાસેટ્સ સાથે AIKosh ને સમૃદ્ધ બનાવવા તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે અને તે AI-સક્ષમ નવીનતા દ્વારા પરંપરાગત તબીબી વિજ્ઞાનના સંશોધકો અને પ્રેક્ટિશનરોને સશક્ત બનાવશે. આયુષ ગ્રીડના OSD શ્રી નમન ગોયલે નોંધ્યું હતું કે તેના ઈમર્જિંગ ટેકનોલોજી કમ્પોનન્ટ હેઠળ, આયુષ ગ્રીડ આયુષ ક્ષેત્રના ડિજિટલ રૂપાંતરણને વેગ આપવા માટે AI-સંચાલિત પ્લેટફોર્મ વિકસાવી રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે પ્રસ્તાવિત MoU આયુષ ઈકોસિસ્ટમમાં AI ને આગળ ધપાવવા માટે એક મુખ્ય માઈલસ્ટોન સાબિત થશે. આ સહયોગ પરંપરાગત જ્ઞાન અને આધુનિક AI ક્ષમતાઓની શક્તિઓને એકસાથે લાવીને ટેકનોલોજી-સક્ષમ આયુષ ઈકોસિસ્ટમના નિર્માણ તરફનું એક મહત્વપૂર્ણ પગલું દર્શાવે છે. આ ભાગીદારી સંશોધન, ક્ષમતા નિર્માણ, ઔષધીય વનસ્પતિઓ અને ડ્રગ એડમિનિસ્ટ્રેશન સહિતના મુખ્ય આયુષ ક્ષેત્રોમાં AI ના અપનાવવાની પ્રક્રિયા અને ઉપયોગને વેગ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. સહયોગના ભાગરૂપે, આયુષ મંત્રાલય AIKosh પ્લેટફોર્મ પર જોડાશે, જે ડેટાસેટ્સ, મેટાડેટા, AI મોડેલ્સ, ટૂલકિટ્સ અને સંબંધિત યુઝ કેસ સહિત પાત્ર સ્વાસ્થ્ય સંશોધન સામગ્રી શેર કરવાની મંજૂરી આપશે. આ સંકલનથી આયુષ ક્ષેત્ર માટે વધુ સહયોગ, નવીનતા અને AI ઉકેલોના જવાબદાર વિકાસની સુવિધા મળવાની અપેક્ષા છે. આ MoU વ્યાખ્યાયિત સર્વિસ-લેવલ કરારોને આધીન, રાહત દરે ઈન્ડિયાએઆઈ પહેલ દ્વારા GPU-આધારિત અને ઉચ્ચ-કામગીરી ધરાવતા કોમ્પ્યુટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધી પહોંચ મેળવવામાં મદદ કરશે. અદ્યતન કોમ્પ્યુટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ઉપલબ્ધતા જટિલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર જરૂરિયાતોને પહોંચી વળવામાં અને હેલ્થકેર તથા પરંપરાગત ચિકિત્સામાં અત્યાધુનિક AI સંશોધન અને એપ્લિકેશન્સના વિસ્તારને ટેકો આપે તેવી અપેક્ષા છે. આ પહેલ ભારતની પરંપરાગત તબીબી પદ્ધતિઓના સમૃદ્ધ વારસાને અત્યાધુનિક ડિજિટલ અને AI ટેકનોલોજી સાથે સાંકળવા તરફનું એક મહત્વપૂર્ણ પગલું દર્શાવે છે, જે વધુ નવીન, પુરાવા-આધારિત અને ભવિષ્ય માટે તૈયાર આયુષ ઈકોસિસ્ટમ માટેનો માર્ગપ્રશસ્ત કરે છે.

# માય ભારત દ્વારા 'નશામુકત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન'

### પ્રધાનમંત્રીશ્રી ૨ ઓગસ્ટે યુવાનોને વર્ચ્યુઅલ માધ્યમથી કરશે સંબોધિત

કમલમ્,

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય હેઠળ કાર્યરત માય ભારત દ્વારા દેશવ્યાપી સ્તરે 'નશામુક્ત યુવા ફોર વિકસિત ભારત સંકલ્પ અભિયાન' નું આયોજન કરવામાં આવ્યું છે. આ રાષ્ટ્રીય અભિયાન અંતર્ગત તા.૦૨ ઑગસ્ટ, ૨૦૨૬ ના રોજ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દેશભરના યુવાનોને વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધિત કરશે, જેની વિસ્તૃત વિગતો માય ભારત ગુજરાતના રાજ્ય નિર્દેશક શ્રી સચિન શર્મા દ્વારા એક પ્રેસ સંબોધન થકી આપવામાં આવી હતી. શ્રી સચિન શર્માએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં આ નશામુક્ત યુવા કાર્યક્રમનું મુખ્ય આયોજન નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે સવારે ૧૦:૩૦ વાગ્યે કરવામાં આવ્યું છે. આ રાજ્યકક્ષાના કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહી યુવા સહભાગીઓ સાથે સીધો સંવાદ કરશે. આ પ્રસંગે વિવિધ યુનિવર્સિટીઓ અને કોલેજોના વિદ્યાર્થીઓ, માય ભારત સ્વયંસેવકો, યુવા મંડળોના સભ્યો તથા અન્ય યુવા સંગઠનોના આશરે ૫૦૦થી વધુ યુવાનો પ્રત્યક્ષ રીતે ભાગ લેશે. કાર્યક્રમની રૂપરેખા આપતા ડિસ્ટ્રિક્ટ યુથ ઓફિસર વર્ષા રોઘાએ જણાવ્યું હતું કે, યુવાનોમાં નશામુક્તિ પ્રત્યે વ્યાપક જાગૃતિ કેળવાય તે હેતુથી ખાસ આયોજન કરવામાં આવ્યું છે. નશાની લત સામે જાગૃતિ લાવવાના મૂળ હેતુ સાથે યુવાનો માટે ડાન્સ, મ્યુઝિક, ડ્રોઈંગ સહિત અલગ-અલગ આઠ રમતો અને સ્પર્ધાઓનું આયોજન કરાશે, જેથી વધુમાં વધુ યુવાનો કળા અને સર્જનાત્મકતાના માધ્યમથી આ અભિયાન સાથે જોડાઈ શકે. આ દેશવ્યાપી કાર્યક્રમ સાથે ભારતના આશરે ૧૦,૦૦૦ સ્થળોને જોડવામાં આવશે, જેમાં પ્રત્યક્ષ અને વર્ચ્યુઅલ સહભાગિતા દ્વારા ૧ કરોડથી વધુ યુવાનો સામેલ થશે.



કાર્યક્રમ દરમિયાન દેશભરના યુવાનો સામુહિક રીતે નશામુક્તિના શપથ લેશે. આ ઉપરાંત, સતત જાગૃતિ જળવાઈ રહે તે માટે ૧૦૦ અઠવાડિયાના દેશવ્યાપી 'રવિવાર જનસહભાગિતા અભિયાન' નો પણ પ્રારંભ કરવામાં આવશે, જેના અંતર્ગત નિયમિત રીતે રમતગમત, ફિટનેસ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને ધ્યાન જેવા કાર્યક્રમો યોજાશે. નોંધનીય છે કે, માય ભારત પોર્ટલ પર 'ઈ-પ્રતિજ્ઞા' અભિયાન પણ કાર્યરત છે. ગુજરાતમાં આ આયોજન માય ભારત, જિલ્લા વહીવટીતંત્ર અને NFSU ના સંયુક્ત સહયોગથી થઈ રહ્યું છે. તંત્ર દ્વારા તમામ શૈક્ષણિક સંસ્થાઓ, યુવા સંગઠનો અને નાગરિકોને 'વિકસિત ભારત @2047' ના સ્વપ્નને સાકાર કરવા આ અભિયાનમાં સક્રિયપણે જોડાવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# અમદાવાદ જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા જળજન્ય અને મચ્છરજન્ય રોગચાળો અટકાવવા સઘન કામગીરી

### વિવિધ તાલુકાઓમાં ક્લોરીનેશન, દવા છંટકાવ અને ફોગિંગ સાથે આરોગ્ય તંત્ર એલર્ટ



કમલમ્,

ચોમાસાની ઋતુ દરમિયાન ગ્રામ્ય વિસ્તારોમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળો ન ફેલાય તે માટે અમદાવાદ જિલ્લા કલેક્ટરશ્રીના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા વ્યાપક રોગચાળા અટકાયતી પગલાં હાથ ધરવામાં આવ્યા છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી (CDHO)ની દેખરેખ હેઠળ જિલ્લાના વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો (PHC) અને સબસેન્ટરોની ટીમ દ્વારા રોગચાળા નિયંત્રણ અને અને મચ્છરજન્ય રોગોને ફેલાતા અટકાવવા માટેની કામગીરી કરવામાં આવી રહી છે. જિલ્લા આરોગ્ય અધિકારી અને તાલુકા આરોગ્ય અધિકારીશ્રીઓ દ્વારા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં આયોજનપૂર્વક દવા છંટકાવ, પીવાના પાણીનું ક્લોરીનેશન, સર્વેલન્સ અને જાગૃતિ કાર્યક્રમો ચલાવવામાં આવી રહ્યા છે. આ સઘન ઝુંબેશ અંતર્ગત બાવળા તાલુકાના રજોડા તેમજ સાણંદના ચાંગોદર ખાતે ભરાયેલા વરસાદી પાણીમાં ડાયફ્લૂબેન્ઝુરોનનો છંટકાવ કરવામાં આવ્યો છે. દસક્રોઈ, ધોળકા, ધોલેરા સહિતના તાલુકાઓમાં NVBDCP (નેશનલ વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ) અંતર્ગત મચ્છરજન્ય રોગચાળા નિયંત્રણ માટે એબેટ કામગીરી અને MLO (મોસ્કીટો લાર્વીસીડલ ઓઈલ) દવા છંટકાવ, ફોગિંગ તથા

**અમદાવાદ જિલ્લા કલેક્ટરશ્રીના માર્ગદર્શન અને CDHOની દેખરેખ હેઠળ આરોગ્ય ટીમોની કામગીરી પૂરજોશમાં**

ઘેર-ઘેર સર્વેલન્સ અને IEC (ઈન્ફોર્મ, એજ્યુકેટ, કોમ્યુનિકેટ) જાગૃતિની કામગીરી કરવામાં આવી છે. જે અંતર્ગત વહેલાલ PHC, નાંદેજ PHC, ધોલેરાના હેબતપુર અને ભાડિયાદ PHC હેઠળના ગ્રામ્ય વિસ્તારોને આવરી લેવામાં આવ્યા છે. જળજન્ય રોગચાળા સામે રક્ષણ મેળવવા ધોળી, લોલીયા, કાવિઠા અને કાસિન્દ્રા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના પાણીમાં રેસીડ્યુઅલ ક્લોરિન (RC) ટેસ્ટ અને ક્લોરીનેશન હાથ ધરી નાગરિકોને ક્લોરીન ટેબ્લેટ તથા ORS નું વિતરણ કરાયું છે. કાસિન્દ્રા અને સોઢી ગામે સગર્ભા માતાઓની રૂબરૂ મુલાકાત લઈ આરોગ્ય તપાસ પણ કરવામાં આવી છે. બીજી તરફ, ધોળકા તાલુકાના બદરખા ખાતેના શેલ્ટર હોમમાં ૧ સગર્ભા માતા અને ૪ બાળકો સહિત કુલ ૭૬ આશ્રિતો માટે તમામ જરૂરી સુવિધાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે. આ પરિસ્થિતિ વચ્ચે પણ આરોગ્ય સેવાઓ અવિરત રહી છે, જેના ભાગરૂપે સાણંદ તાલુકાના મોડાસર PHC ખાતે મટોડા ગામના મહિલાની સફળ પ્રસૂતિ કરાવી ૨.૫૦૦ કિલોગ્રામ વજન ધરાવતા તંદુરસ્ત નવજાત બાળકને જન્મ સમયની જરૂરી રસી આપવામાં આવી હતી. સમગ્ર જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારા સતત પરિસ્થિતિઓનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.

# બીબીએ કોલેજ ખાતે ગુરુપુર્ણિમા નિમિત્તે વકતૃત્વ સંવાદનું આયોજન

### વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ગુરુવંદના કરી ઉજવણી કાર્યક્રમ યોજ્યો



કમલમ્,

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિજનેસ એડમિનિસ્ટ્રેશન અને એસ.કે.પટેલ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યુટર સ્ટડીઝ (બીબીએ) કોલેજ દ્વારા વર્ષપર્યંત વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ પ્રવૃતિઓ થાય છે. આજની સ્પર્ધામાં કોલેજના આચાર્ય ડો.રમાકાન્ત પૃષ્ટિ દ્વારા વિદ્યાર્થીઓને ઉદાહરણ સાથે ગુરુના મહત્વ બાબતે પ્રેરક વક્તવ્ય આપ્યું હતું. ઉપાચાર્ય ડો.જયેશ તન્ના દ્વારા પ્રાસંગિક વક્તવ્ય આપવામાં આવ્યું હતું. યુનિવર્સિટી NSS પ્રોગ્રામ કો ઓર્ડીનેટર ધર્મેન્દ્ર રાઠોડ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને વિવિધ ઉદાહરણ પ્રસંગોચિત માર્ગદર્શન આપ્યું હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે ગુરુપૂર્ણિમાના પવિત્ર દિવસે વિદ્યાર્થીઓએ શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેના પૌરાણિક સબંધો જેને આપણે ગુરુશિષ્ય સબંધ કહ્યા છે. ભારતીય સંસ્કૃતિમાં ગુરુવંદનાનું મહત્વ અનેરુ છે. જ્યાં પ્રાચીનકાળથી વિદ્યાપ્રાપ્ત કરવા માટે માં સરસ્વતીની ઉપાસના અને ગુરુનું માર્ગદશન આવશ્યક છે. સાંપ્રત સમયમાં જયારે ભારતીય સંસ્કૃતિ પર અનેક રીતે પાશ્ચાત્ય સંસ્કૃતિની અસરો વર્તાઈ રહી છે. તેમજ અત્યાધુનિક સમય ૨૧મી સદીના વાતાવરણમાં વિદ્યાર્થીઓને આપણી પરંપરાઓ થી અવગત કરવા આવશ્યક છે. આથી બીબીએ કોલેજ વિદ્યાર્થીઓને ગુરુપૂર્ણિમા કાર્યક્રમની ઉજવણી કરી વિદ્યાર્થીઓને ગુરુમહિમા સમજાય તેવો હકારાત્મક પ્રયત્ન સતત કરતી રહે છે. કોલેજ તરફથી તેમજ કોલેજના NSS ના વોલિયન્ટર્સ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. સમગ્ર કોલેજ માંથી કુલ ૧૧૯ વિદ્યાર્થીઓને વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લીધો હતો જેમાંથી ૧૮ વિદ્યાર્થીઓ ફાઈનલ કોલેજ સ્તરની સ્પર્ધા માટે પસંદ થયા હતા વિદ્યાર્થીઓને ગુરુપૂર્ણિમાને અનુલક્ષીને પ્રથમ અને બીજા સ્તરે કુલ નવ વિષય માંથી કોઈ એક વિષય પસંદ કરી પોતાનું વક્તવ્ય આપવાનું હતું. વિદ્યાર્થીઓની તૈયારી ઉડીને આંખે વળગે તેવી હતી. જેમાંથી હકારાત્મક સંદેશ સમાજને મળી શકે. ફાઈનલ રાઉન્ડ માં પસંદ થયેલ ૧૮ વિદ્યાર્થીઓ મુખ્ય કાર્યક્રમમાં વક્તવ્ય આપ્યું હતું. ઉપરોક્ત તમામ પ્રતિભાગીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય ડો.જયેશ તન્ના, કાર્યક્રમ સંયોજક પ્રો.કૃપા વાઘેલા, પ્રો. ભક્તિ પટેલ, પ્રો.શ્રુતિ રાજપૂત તેમજ સમગ્ર કોલેજ પરિવાર દ્વારા સફળતા પૂર્વક યોજવામાં આવ્યો હતો.

# ભારતની અગ્રણી ગ્રીન યુનિવર્સિટીઓમાં સ્થાન મેળવનાર સાંકળચંદ પટેલ યુનિવર્સિટી

### નેશનલ ગ્રીન યુનિવર્સિટી રેંકિંગ (NGUR) 2026 માં રાષ્ટ્રીય સ્તરે ૨૭મો ક્રમ અને ગોલ્ડ રેટિંગ પ્રાપ્ત




કમલમ્,વિસનગર

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી (SPU), વિસનગરે વધુ એક ગૌરવપૂર્ણ રાષ્ટ્રીય સિદ્ધિ હાંસલ કરતાં નેશનલ ગ્રીન યુનિવર્સિટી રેંકિંગ (NGUR) 2026માં સમગ્ર ભારતમાં ૨૭મો ક્રમ પ્રાપ્ત કર્યો છે. ગ્રીન મેન્ટર્સ દ્વારા આયોજિત આ પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય મૂલ્યાંકનમાં યુનિવર્સિટીએ ૧૦૦માંથી ૯૦.૬ ગુણ મેળવી ગોલ્ડ રેટિંગ પ્રાપ્ત કર્યું છે. આ સિદ્ધિ યુનિવર્સિટીના પર્યાવરણ સંરક્ષણ, ક્લાઈમેટ એક્શન, ગ્રીન કેમ્પસ વિકાસ અને ટકાઉ સંસ્થાકીય વ્યવસ્થાપન પ્રત્યેના સતત પ્રયત્નોની સાબિતી છે. નેશનલ ગ્રીન યુનિવર્સિટી રેંકિંગ અંતર્ગત ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓનું મૂલ્યાંકન સસ્ટેનેબિલિટી ગવર્નન્સ, જૈવવિવિધતા, કાર્બન અને ક્લાઈમેટ એક્શન, ગ્રીન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઊર્જા કાર્યક્ષમતા, સંશોધન અને નવીનતા, અભ્યાસક્રમમાં સસ્ટેનેબિલિટી, જળ સંરક્ષણ, ટકાઉ પરિવહન, કચરા વ્યવસ્થાપન અને સમુદાય જોડાણ જેવા દસ મહત્વપૂર્ણ માપદંડોના આધારે કરવામાં આવે છે. આ સિદ્ધિ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020), સંયુક્ત રાષ્ટ્રના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDGs) તેમજ યુનેસ્કો ગ્રીનિંગ હાયર એજ્યુકેશન ફ્રેમવર્કને અનુરૂપ શિક્ષણ, સંશોધન, વહીવટ અને ગ્રીન કેમ્પસ વિકાસ માટે સાંકળચંદ પટેલ યુનિવર્સિટીની દૃઢ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. યુનિવર્સિટીની આ ઉત્કૃષ્ટ કામગીરીને આધારે હવે તેને નેશનલ એક્સેલન્સ એવોર્ડ્સ ૨૦૨૬ માટે પણ વિચારણા હેઠળ સામેલ કરવામાં આવશે, જેમાં ગ્રીન ઈનોવેશન, ક્લાઈમેટ એક્શન, નેટ-ઝીરો પહેલ અને સસ્ટેનેબિલિટી ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર સંસ્થાઓને સન્માનિત કરવામાં આવશે. યુનિવર્સિટીની આ ઐતિહાસિક સિદ્ધિ પર હર્ષ વ્યક્ત કરતાં સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રમુખ શ્રી પ્રકાશભાઈ પટેલે જણાવ્યું કે,, "આ રાષ્ટ્રીય સન્માન સમગ્ર સાંકળચંદ પટેલ યુનિવર્સિટી પરિવાર માટે ગૌરવની ક્ષણ છે. ગુણવત્તાયુક્ત શિક્ષણ સાથે પર્યાવરણ પ્રત્યેની જવાબદારી નિભાવવાનો અમારો સંકલ્પ આ સિદ્ધિમાં પ્રતિબિંબિત થાય છે. આ સન્માન અમને હરિયાળું, સ્વચ્છ અને ટકાઉ ભવિષ્યના નિર્માણ માટે વધુ પ્રેરણા અને જવાબદારી આપે છે." યુનિવર્સિટી મેનેજમેન્ટે આ સિદ્ધિ બદલ તમામ પ્રાધ્યાપકો, સંશોધકો, અધિકારીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ, પૂર્વ વિદ્યાર્થીઓ તથા તમામ હિતધારકોને અભિનંદન પાઠવ્યા હતા. આ ઉપલબ્ધિ સાંકળચંદ પટેલ યુનિવર્સિટીને શૈક્ષણિક ગુણવત્તા, નવીનતા, પર્યાવરણીય જવાબદારી અને ટકાઉ વિકાસ માટે પ્રતિબદ્ધ ભારતની અગ્રણી યુનિવર્સિટીઓમાં વધુ મજબૂત સ્થાન અપાવે છે. "આ રાષ્ટ્રીય સન્માન માત્ર એક સિદ્ધિ નથી, પરંતુ ગુણવત્તાયુક્ત શિક્ષણ, નવીનતા અને સામૂહિક સહભાગિતાના માધ્યમથી હરિયાળા, સ્વચ્છ અને ટકાઉ ભવિષ્યના નિર્માણમાં અગ્રેસર રહેવાની અમારી જવાબદારી છે."

# સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના ઈજનેર વિભાગમાં સ્ટુડન્ટ ઈંડક્શન પ્રોગ્રામનો સમાપન સમારોહ યોજાયો



કમલમ્,

સાંકળચંદ પટેલ યુનિવર્સિટી સંલગ્ન સાંકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ ખાતે B.Tech તથા B.Sc IT/CS/DS ના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે યોજાયેલ 'Induction Program – પ્રારંભ ૨૦૨૬'નો સમાપન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમનું આયોજન યુનિવર્સિટીના માનનીય પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલ સાહેબશ્રીના માર્ગદર્શન હેઠળ તથા પ્રોવોસ્ટ પ્રો. ડૉ. પ્રફુલકુમાર ઉદાણી સાહેબશ્રીના નેતૃત્વમાં કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ઈસ્કોન મંદિર, મહેસાણા તરફથી પૂજ્ય ગૌર હરીદાસ સ્વામીજીને આમંત્રિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમની શરૂઆત યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તથા મુખ્ય અતિથિઓ દ્વારા દીપપ્રાગટ્ય કરીને કરવામાં આવી. આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડૉ. પિયુષ જે. પટેલ, વિવિધ વિભાગોના અધ્યક્ષશ્રીઓ તથા સ્ટાફમિત્રો હાજર રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ AICTEની માર્ગદર્શિકા અને મોડ્યુલ અનુસાર ૧૩ જુલાઈથી ૩૧ જુલાઈ દરમિયાન આયોજન કરવામાં આવ્યો હતો, જેમાં વિવિધ વિષયો પર વ્યાખ્યાન તથા પ્રવૃત્તિઓ યોજાઈ હતી. યુનિવર્સિટીના સંલગ્ન વિવિધ કોલેજોમાંથી નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓને ઉપયોગી જ્ઞાન પ્રદાન કરવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલ ડૉ. પિયુષ જે પટેલ દ્વારા વિદ્યાર્થીઓને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી. મુખ્ય અતિથિ પૂજ્ય ગૌર હરીદાસ સ્વામીજીએ "BhagavadGeªa vs AI" વિષય પર પ્રેરણાદાયક વ્યાખ્યાન આપ્યું, જેમાં તેમણે વિવિધ દ્રષ્ટાંતો દ્વારા વિદ્યાર્થીઓને આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સના સાધનોનો યોગ્ય અને સકારાત્મક ઉપયોગ કેવી રીતે કરવો તે સમજાવ્યું. તેમણે પોતાના વક્તવ્યમાં શ્રીમદ ભગવદ ગીતાના પાંચ મહત્વપૂર્ણ સિદ્ધાંતો અને વિવિધ શ્લોકો દ્વારા જીવનના પ્રશ્નોના ઉકેલ વિશે વિસ્તૃત રીતે સમજાવ્યું. સાથે જ તેમણે ઉલ્લેખ કર્યો કે ભગવદ ગીતા જાપાનીઝ, રશિયન, ચાઈનીઝ અને અંગ્રેજી સહિત અનેક ભાષાઓમાં ભાષાંતરિત થઈને વિશ્વભરમાં વાંચવામાં આવી રહી છે. સ્વામીજીના વ્યાખ્યાન દરમિયાન વિદ્યાર્થીઓને ભગવદ ગીતાના શ્લોકોનું પઠન કરાવી તેનું મહત્વ સમજાવવામાં આવ્યું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા અને ૧૦૦% હાજરી નોંધાવનાર વિદ્યાર્થીઓને અભિનંદન આપવામાં આવ્યા. ડૉ. જયેશ પટેલ દ્વારા આભારવિધિ રજૂ કરવામાં આવી, જેમાં કાર્યક્રમ સાથે સંકળાયેલા તમામનો આભાર માનવામાં આવ્યો. આ કાર્યક્રમમાં ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને સમગ્ર ઈજનેરી કોલેજના સ્ટાફના સહકારથી કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો. કાર્યક્રમનું આયોજન એપ્લાઈડ સાયન્સ એન્ડ હ્યુમેનિટીઝ વિભાગ તથા B.Sc IT/CS/DS વિભાગ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું.

# 'MP LEAD ફેલોશિપ'ના યુવા ફેલો સાથે કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન જ્યંતિભાઈ બાંભણિયાનો સંવાદ




## લોકસેવા, સુશાસન, મહિલા નેતૃત્વ, ખાદ્ય સુરક્ષા અને વિકસિત ભારત ૨૦૪૭ના વિઝન પર થઈ વિસ્તૃત ચર્ચા

કમલમ્,

રાજ્યસભા સાંસદ ડૉ. અજીત ગોપછડેદ્વારા શરૂ કરવામાં આવેલી નવીન પહેલ 'MP LEAD ફેલોશિપ' અંતર્ગત પસંદગી પામેલા ૪૦ યુવા ફેલોએ કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને સાર્વજનિક વિતરણ રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન જયંતિભાઈ બાંભણિયાના સરકારી આવાસ પર તેમની સાથે ઔપચારિક અને વિચારપ્રેરક સંવાદ કર્યો હતો. આ કાર્યક્રમનો હેતુ દેશના પ્રતિભાશાળી યુવાનોને સંસદીય પ્રક્રિયાઓ, વહીવટી કાર્યપ્રણાલી અને જાહેર નીતિ ઘડતરની વ્યવહારિક સમજ આપવાનો છે. રાજ્ય મંત્રી સાથેના સંવાદ દરમિયાન યુવા ફેલોએ મહિલા નેતૃત્વ, જાહેર વિતરણ પ્રણાલી (PDS), જાહેર નીતિ, પારદર્શી શાસન, આપત્તિ વ્યવસ્થાપન અને વિકસિત ભારત ૨૦૪૭ના વિઝન સાથે જોડાયેલા વિવિધ વિષયો પર પ્રશ્નો પૂછ્યા હતા. કેન્દ્રીય રાજ્ય મંત્રીએ પોતાના અનુભવો શેર કરતા લોકસેવા, સુશાસન, પારદર્શિતા અને જનકલ્યાણ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતા પર વિગતવાર પ્રકાશ પાડ્યો હતો. મહિલા નેતૃત્વ સંબંધિત પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય રાજ્ય મંત્રીએ જણાવ્યું હતું કે, રાજકારણ એ માત્ર હોદ્દો મેળવવાનું માધ્યમ નથી, પરંતુ સમાજના છેવાડાના વ્યક્તિના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવાનું સશક્ત માધ્યમ છે. તેમણે મહિલાઓની આર્થિક આત્મનિર્ભરતાને સશક્ત સમાજની આધારશિલા ગણાવતા સ્વસહાય જૂથો અને 'લખપતિ દીદી' અભિયાનનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે યુવાનોને પ્રામાણિકતા, સતત શીખવાની ભાવના અને જનતાના વિશ્વાસને જાહેર જીવનની સૌથી મોટી મૂડી માનવા આહ્વાન કર્યું હતું. જાહેર જીવનમાં આવવા ઈચ્છુક યુવાનોને સંબોધતા તેમણે કહ્યું કે શરૂઆતના પાંચ વર્ષ શીખવાના, સાંભળવાના અને સમાજ સાથે જોડાવાના હોવા જોઈએ. તેમણે યુવાનોને સલાહ આપી કે તેઓ ગ્રાઉન્ડ લેવલ પર જઈને લોકોની સમસ્યાઓને સમજે, તથ્યોના આધારે પોતાની વાત રજૂ કરે અને સમય વ્યવસ્થાપનને પોતાની કાર્યશૈલીનો અભિન્ન ભાગ બનાવે. કટોકટીની પરિસ્થિતિઓમાં નિર્ણય લેવા સંબંધિત પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય રાજ્ય મંત્રીએ જણાવ્યું હતું કે કોઈપણ લોકશાહી વ્યવસ્થામાં નિર્ણય લેતી વખતે પહેલી પ્રાથમિકતા જનહિત, બીજી પ્રાથમિકતા નૈતિક મૂલ્યો અને ત્રીજી પ્રાથમિકતા વ્યવહારિક પરિસ્થિતિઓનું યોગ્ય આકલન હોવું જોઈએ. તેમણે કહ્યું કે કોવિડ-૧૯ મહામારી દરમિયાન ભારતે આજ અભિગમ સાથે અસરકારક નિર્ણયો લીધા હતા. આપત્તિ વ્યવસ્થાપન અને દુર્ગમ વિસ્તારોમાં અન્ન પુરવઠાની ઉપલબ્ધતા અંગે તેમણે જણાવ્યું હતું કે, સંકટ ગમે તેટલું મોટું હોય, દરેક ગરીબ સુધી રાશન પોહચે. તેમણે માહિતી આપી હતી કે, ચોમાસા દરમિયાન પહાડી અને દુર્ગમ વિસ્તારોમાં ત્રણ મહિનાનું એડવાન્સ રાશન પૂરું પાડવામાં આવે છે. જમ્મુ-કાશ્મીર અને અસમ જેવા રાજ્યોમાં પૂર અને અન્ય આપત્તિઓ દરમિયાન જરૂરિયાત મુજબ વૈકલ્પિક માધ્યમોથી પણ દૂરના વિસ્તારો સુધી રાશન પહોંચાડવામાં આવ્યું હતું, જેથી કોઈ પણ પાત્ર લાભાર્થીને મુશ્કેલીનો સામનો ન કરવો પડે. જાહેર વિતરણ પ્રણાલીમાં પારદર્શિતા લાવવા માટે કરવામાં આવેલા સુધારાઓ પર પ્રકાશ પાડતા કેન્દ્રીય રાજ્ય મંત્રીએ જણાવ્યું હતું કે આધાર સાથે જોડાયેલા e-POS મશીનો, 'વન નેશન, વન રાશન કાર્ડ' (ONORC), AI આધારિત 'આશા પોર્ટલ' અને 'મેરા રાશન' મોબાઈલ એપના માધ્યમથી રાશન વિતરણ પ્રણાલીને વધુ પારદર્શી, જવાબદાર અને લાભાર્થી-કેન્દ્રિત બનાવવામાં આવી છે. તેમણે કહ્યું કે આ પહેલોથી ગેરરીતિઓ પર અસરકારક નિયંત્રણ આવ્યું છે અને ફરિયાદોના ઝડપી નિવારણમાં પણ મદદ મળી છે. તેમણે ઉમેર્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં 'વન નેશન, વન રાશન કાર્ડ' દેશની ખાદ્ય સુરક્ષા વ્યવસ્થાને મજબૂત બનાવનારી એક મહત્વપૂર્ણ પહેલ સાબિત થઈ છે. વિકસિત ભારત ૨૦૪૭ના વિઝન પર પોતાના વિચારો રજૂ કરતા કેન્દ્રીય રાજ્યમંત્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતની જાહેર વિતરણ પ્રણાલી પારદર્શિતા, ટેક્નોલોજી, વિશ્વાસ અને સેવાભાવના આધારે વિશ્વ સમક્ષ એક ઉત્કૃષ્ટ મોડેલ તરીકે સ્થાપિત થશે. આ પ્રસંગે રાજ્યસભા સાંસદ ડૉ. અજીત ગોપછડે જણાવ્યું હતું કે 'MP LEAD ફેલોશિપ'નો હેતુ યુવાનોને નીતિ-નિર્માણ પ્રક્રિયા અને ટોચના નેતૃત્વની કાર્યશૈલીને નજીકથી સમજવાની અને શીખવાની તક પૂરી પાડવાનો છે, જેથી તેઓ વિકસિત ભારતના નિર્માણમાં અસરકારક ભૂમિકા ભજવી શકે.

# આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન દ્વારા માન્યતા પ્રાપ્ત ભારતના સામાજિક સુરક્ષા કવચ હેઠળ હવે ૧૦૧ કરોડ નાગરિકો આવરી લેવામાં આવ્યા છે: ડૉ. મનસુખ માંડવિયા

## કામદારોના કલ્યાણ તેમજ રોજગારદાતાઓના હિતોને આગળ વધારતું સંતુલિત વિકાસ મોડેલ હોવું જરૂરી છેઃ કેન્દ્રીય મંત્રી ડો. માંડવિયા




કમલમ્,

કેન્દ્રીય શ્રમ અને રોજગાર તથા યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ નવી દિલ્હી ખાતે '૪થી ગ્લોબલ ઈન્ડસ્ટ્રિયલ રિલેશન્સ સમિટ'માં જણાવ્યું હતું કે ભારતની સામાજિક સુરક્ષા પ્રણાલીઓ હવે લગભગ ૧૦૧ કરોડ લોકોને અથવા વસ્તીના ૬૮ ટકાથી વધુ લોકોને આવરી લે છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ આંકડો આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (ILO) દ્વારા ગયા અઠવાડિયે હૈદરાબાદમાં યોજાયેલી 'BRICS લેબર મિનિસ્ટર્સ' મીટિંગ' માં હાઈલાઈટ કરવામાં આવ્યો હતો, જે ભારતના સામાજિક સુરક્ષા કવચની વૈશ્વિક માન્યતાની જુબાની આપે છે. આ સમિટનું આયોજન ઓલ ઈન્ડિયા ઓર્ગેનાઈઝેશન ઓફ એમ્પ્લોયર્સ (AIOE) દ્વારા ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (FICCI) અને ILOના સહયોગથી કરવામાં આવ્યું છે. ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે સુમેળભર્યા ઔદ્યોગિક સંબંધો માટે સરકારો, ઉદ્યોગો, રોજગારદાતાઓ, કામદારો અને ટ્રેડ યુનિયનો વચ્ચે સતત સંકલન જરૂરી છે જેથી આર્થિક વિકાસ અને રોજગાર નિર્માણ સાથે સાથે આગળ વધે. ઔદ્યોગિકરણ એ રાષ્ટ્રીય વિકાસ માટે આવશ્યક છે કારણ કે તે રોજગાર સર્જનને પ્રોત્સાહન આપે છે તે બાબત પર ભાર મૂકતા કેન્દ્રીય મંત્રીએ આજીવિકાની તકો વધારવા, અર્થતંત્રને મજબૂત કરવા અને મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવામાં સ્વસહાય જૂથો અને સહકારી મોડલ્સ, ખાસ કરીને મહિલા સંચાલિત પહેલોના વધતા મહત્વ પર પણ ભાર મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, "એક એવું સંતુલિત વિકાસ મોડેલ હોવું આવશ્યક છે જે કામદારોના કલ્યાણ અને સામાજિક સુરક્ષાને આગળ ધપાવે, તેમજ રોજગારદાતાઓ માટે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ (સરળતાથી વ્યાપાર) સુનિશ્ચિત કરે." ડૉ. માંડવિયાએ રેખાંકિત કર્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ, સ્થિર કરવેરા, વધતી બચત, ઉચ્ચ ખરીદશક્તિ અને વધતા મેન્યુફેક્ચરિંગ દ્વારા સમર્થિત સતત આર્થિક વૃદ્ધિએ વિકાસ અને રોજગારનું એક હકારાત્મક ચક્ર ઊભું કર્યું છે. રોજગાર સ્થિતિસ્થાપકતામાં સુધારાનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું હતું કે બાર વર્ષ પહેલાં જોવા મળેલા ૦.૦૦૮ ટકા રોજગાર વૃદ્ધિની સરખામણીએ આજે જીડીપીમાં દર એક ટકાના વધારા સામે ૧.૧૧ ટકા રોજગાર વૃદ્ધિ સર્જાઈ રહી છે. ડૉ. માંડવિયાએ એવો પણ સંકેત આપ્યો હતો કે કર્મચારી રાજ્ય વીમા નિગમએ તેની પોતાની યોજના હેઠળ સેવાઓ આપનાર એકમાત્ર સંસ્થા રહેવાની જરૂર નથી.

નિગમના આગામી સુધારાનું વર્ણન કરતા તેમણે કહ્યું કે, સારી રીતે સંચાલિત ખાનગી હૉસ્પિટલોને પણ ESIC સુવિધાઓ તરીકે નિયુક્ત કરી શકાય છે. તેમણે એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન દ્વારા ક્લેમ્સને સંપૂર્ણ ડિજિટલ કરવા અને સિંગલ UAN પર ખાતાઓના સ્વચાલિત ટ્રાન્સફરના પગલાં તરફ પણ ઈશારો કર્યો હતો, જેમા UPI-આધારિત નાણાં ઉપાડવાની બાબત વિચારણા હેઠળ છે. ILO DWT ફોર સાઉથ એશિયા અને કન્ટ્રી ઓફિસ ફોર ઈન્ડિયાના ડિરેક્ટર સુશ્રી મિચિકો મિયામોટોએ ભારતના સામાજિક સુરક્ષા કવચના વિસ્તાર બદલ ભારતને અભિનંદન પાઠવ્યા હતા અને નોંધ્યું હતું કે ILO ના અંદાજ મુજબ, દેશે ઓછામાં ઓછા એક સામાજિક સુરક્ષાના માપદંડ હેઠળ આવરી લેવાયેલા એક અબજથી વધુ લોકોનો આંકડો વટાવી લીધો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ સિદ્ધિ આગામી દિવસોમાં ભારતના આર્થિક વિકાસને વેગ આપવામાં મહત્વની ભૂમિકા ભજવશે. કેન્દ્રીય મંત્રી ડૉ. માંડવિયા અને અન્ય મહાનુભાવો દ્વારા આ દ્વિ-દિવસીય સમિટ નિમિત્તે એક સોવેનિયર (સ્મરણિકા) નું પણ વિમોચન કરવામાં આવ્યું હતું.

# દિલ્હીમાં કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણને મળ્યા છત્તીસગઢના મુખ્યમંત્રી શ્રી વિષ્ણુ દેવ સાય



કમલમ્,

બસ્તર જેવા દૂરના અને જનજાતીય વિસ્તારોના સર્વાંગી વિકાસને ગતિ આપવા માટે કેન્દ્ર સરકાર તરફથી હકારાત્મક વલણ દર્શાવતા કેન્દ્રીય ગ્રામીણ વિકાસ અને કૃષિ તેમજ ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે છત્તીસગઢ સરકારના પ્રસ્તાવ પર ગંભીરતાથી વિચાર કરવાની ખાતરી આપી છે. કૃષિ ભવન, નવી દિલ્હીમાં છત્તીસગઢના મુખ્યમંત્રી શ્રી વિષ્ણુદેવ સાયએ કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજ સિંહ સાથે મુલાકાત કરી. આ બેઠકમાં બસ્તર વિસ્તારમાં રોડ કનેક્ટિવિટી મજબૂત કરવા પર હકારાત્મક રીતે ચર્ચા થઈ. બેઠકમાં મુખ્યમંત્રી શ્રી સાયએ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (PMGSY-IV) માં સુધારો કરીને અરુણાચલ પ્રદેશની તર્જ પર ૧૦ કિલોમીટરની પરિધિને એક ક્લસ્ટર માનવાનો પ્રસ્તાવ મૂક્યો. વર્તમાન વ્યવસ્થામાં ૫૦૦ મીટરની સીમાના કારણે બસ્તરના ઘણા નાના અને વિખરાયેલા ગામડાઓ રોડ સુવિધાથી વંચિત રહી જાય છે. કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે પ્રસ્તાવને હકારાત્મક દ્રષ્ટિથી લેતા કહ્યું કે કેન્દ્ર સરકાર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, દૂરના અને આદિવાસી વિસ્તારોના વિકાસ માટે પૂરી સંવેદનશીલતા સાથે કામ કરી રહી છે અને રાજ્યના સૂચનો પર આવશ્યક કાર્યવાહી કરવામાં આવશે. તેમણે એ વાત પર ભાર મૂક્યો કે વધુ સારી રોડ કનેક્ટિવિટી શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને સરકારી યોજનાઓની પહોંચ સુનિશ્ચિત કરવાનું સૌથી અસરકારક માધ્યમ છે. બેઠકમાં રાજ્યના ગૃહ મંત્રી વિજય શર્માએ પણ રાજ્યમાં ચાલી રહેલા ગ્રામીણ વિકાસ કાર્યો અને યોજનાઓની પ્રગતિની માહિતી આપી. આ દરમિયાન કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજ સિંહે છત્તીસગઢમાં ગ્રામીણ વિકાસના ક્ષેત્રમાં થઈ રહેલા કાર્યોની પ્રશંસા કરતા વિકસિત ભારત- જી રામ જી યોજના હેઠળ મુક્તિધામ અને શૌચાલય નિર્માણને અસરકારક બતાવ્યું. સાથે જ પ્રધાનમંત્રી આવાસ યોજનાના સફળ અમલીકરણની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે દરરોજ લગભગ ૧,૫૦૦ આવાસનું નિર્માણ રાજ્યની નોંધપાત્ર સિદ્ધિ છે. કેન્દ્રીય મંત્રી શ્રી ચૌહાણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે કેન્દ્ર અને રાજ્ય સરકારના સમન્વયિત પ્રયાસોથી બસ્તર સહિત સમગ્ર છત્તીસગઢમાં વિકાસ કાર્યોને વધુ ગતિ મળશે, જેનાથી વિસ્તારમાં સામાજિક-આર્થિક બદલાવને મજબૂતી મળશે. બેઠકમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત હતા.

# ડાકઘરોમાં મળશે 'વોટર-રેઝિસ્ટન્ટ' ડિઝાઈનર રાખડી કવર અને ગિફ્ટ બોક્સ, વરસાદમાં પણ રાખડી પહોંચશે સુરક્ષિત

### રક્ષાબંધન પર હવે બહેનો ડિઝાઇનર કવર અને ગિફ્ટ બોક્સમાં ટપાલ દ્વારા દેશ-વિદેશમાં મોકલી શકશે રાખડી; પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે વિશેષ રાખડી કવર અને બોક્સનું અનાવરણ કર્યું



કમલમ્,

રક્ષાબંધન પર્વને ધ્યાનમાં રાખીને ભારતીય પોસ્ટ વિભાગે અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ભાઈ-બહેનના અતૂટ સ્નેહના પ્રતિકરૂપ રાખડીને સુરક્ષિત, આકર્ષક અને સમયસર તેના ગંતવ્ય સુધી પહોંચાડવાના હેતુથી ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે ડિઝાઈનર રાખડી કવર તથા રાખડી ગિફ્ટ બોક્સના વેચાણ માટે જારી કર્યું. આ વિશેષ રાખડી કવર અને રાખડી ગિફ્ટ બોક્સ ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર હેઠળના અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, અરવલ્લી, સાબરકાંઠા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાની તમામ હેડ પોસ્ટ ઓફિસ, સબ પોસ્ટ ઓફિસ તેમજ દૂરદરાજના ગામોમાં આવેલી બ્રાંચ પોસ્ટ ઓફિસમાં વેચાણ માટે ઉપલબ્ધ રહેશે. ઉપરાંત, રેલવે મેઈલ સર્વિસના કાઉન્ટરો પર પણ તેનું વેચાણ કરવામાં આવશે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું કે ત્રણ અલગ-અલગ આકર્ષક ડિઝાઈનમાં ઉપલબ્ધ આ રાખડી કવર વોટર રેઝિસ્ટન્ટ (પાણી પ્રતિરોધક) છે, જેથી વરસાદના સંપર્કમાં આવવા છતાં તે ખરાબ નહીં થાય. ૧૧ સે.મી. × ૨૨ સે.મી. કદના આ રાખડી કવરની કિંમત માત્ર ૧૦ છે, જે પોસ્ટેજ ચાર્જ સિવાય છે. આ ઉપરાંત ૨૫૦ ગ્રામ, ૫૦૦ ગ્રામ અને ૧ કિલોગ્રામ ક્ષમતાના ત્રણ અલગ-અલગ કદના રાખડી ગિફ્ટ બોક્સ પણ પોસ્ટ ઓફિસના કાઉન્ટરો પર વેચાણ માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે, જેની કિંમત અનુક્રમે ૩૫, ૪૦ અને ૫૦ રાખવામાં આવી છે. આ ગિફ્ટ બોક્સ દ્વારા રાખડીની સાથે મીઠાઈ, ભેટવસ્તુઓ અને અન્ય ઉપહારો પણ ભારતીય પોસ્ટ પાર્સલ સેવા મારફતે દેશ તેમજ વિદેશમાં સરળતાથી મોકલી શકાય છે. રાખડી કવર અને ગિફ્ટ બોકસની આકર્ષક ડિઝાઈનમાં ભારતીય પોસ્ટનો લોગો તેમજ રક્ષાબંધનની પરંપરાગત ભાવનાને ઉજાગર કરતાં રાખડી, પુષ્પ, પૂજા થાળ અને ભાઈ-બહેનના સ્નેહસભર સંબંધનું સુંદર ચિત્રણ કરવામાં આવ્યું છે. રંગીન અને વિશિષ્ટ ડિઝાઈનને કારણે આ રાખડી કવર અને બોક્સ અન્ય પોસ્ટ અને પાર્સલથી સરળતાથી અલગ ઓળખી શકાય છે, જેના કારણે સોર્ટિંગમાં સમયની બચત થશે અને રક્ષાબંધન પહેલાં સમયસર વિતરણ કરવામાં પણ સરળતા રહેશે. રાખડી પોસ્ટના વિશેષ બુકિંગ ઉપરાંત નેશનલ સોર્ટિંગ હબ અને પાર્સલ હબ ખાતે ઝડપી સોર્ટિંગની વિશેષ વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ઉપરાંત, ઈન્ટરનેશનલ ટ્રેક્ડ પેકેટ સેવા દ્વારા વિદેશમાં પણ સસ્તા દરે રાખડી મોકલવાની સુવિધા ઉપલબ્ધ છે.

પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે બહેનોને રાખડી મોકલવામાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે અમદાવાદના શાહીબાગ સ્થિત સ્પીડ પોસ્ટ ભવનના નેશનલ સોર્ટિંગ હબ, મણિનગર રેલવે સ્ટેશન, નવરંગપુરા હેડ પોસ્ટ ઓફિસ, હિંમતનગર અને મહેસાણા હેડ પોસ્ટ ઓફિસ તેમજ રેલવે મેઈલ સર્વિસ ના કાઉન્ટરો ઉપરાંત ગુજરાતમાં રાજકોટ, સુરત અને વડોદરા સ્થિત રેલવે મેઈલ સર્વિસ ના કાઉન્ટરો પર ૨૪ કલાક પોસ્ટ બુકિંગની સુવિધા ઉપલબ્ધ છે. આ ઉપરાંત અમદાવાદ જીપીઓ, બિઝનેસ ડેવલપમેન્ટ સેલ, માણેકબાગ પોસ્ટ ઓફિસ, રેલવેપુરા પોસ્ટ ઓફિસ, ડીસા મુખ્ય ડાકઘર, પાલનપુર હેડ પોસ્ટ ઓફિસ, ગાંધીનગર હેડ પોસ્ટ ઓફિસ, કલોલ મુખ્ય ડાકઘર અને પાટણ હેડ પોસ્ટ ઓફિસમાં પણ સાંજે ૮:૦૦ વાગ્યા સુધી પોસ્ટ બુકિંગની સુવિધા ઉપલબ્ધ રહેશે.

# સુરત જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી સાંજના ૪.૦૦ વાગ્યા સુધીમાં ૧૧૧૭ ગ્રામ્યજનોનું સુરક્ષિત રીતે સ્થળાંતર

કમલમ્,સુરત

સમગ્ર સુરત જિલ્લામાં સવારથી મેઘરાજા મન મુકીને વરસી રહ્યા છે. તમામ તાલુકાઓમાં ત્રણ ઈંચથી લઈને ૧૦ ઈંચ સુધીનો ભારે વરસાદ પડી ચુકયો છે. જેના કારણે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાંથી લોકોને સલામત સ્થળે ખસેડીને રાહત વ્યવસ્થાની કરવામાં આવી હતી. સાંજના ૪.૦૦ વાગ્યા સુધીમાં ૧૧૧૭ લોકોનું સુરક્ષિત રીતે સ્થળાંતર કરવામાં આવ્યું છે. અમુક ગામોમાં નાગરિકો પોતાના સગાસંબંધીઓના ઘરે તથા સરકારી પ્રાથમિક શાળાઓ અને શેલ્ટર હોમ્સ ખાતે સુરક્ષિત રીતે સ્થળાંતર કરવામાં આવ્યું છે.



બારડોલી તાલુકાના કડોદ અને અસ્તાન સહિતના વિસ્તારોમાંથી ૪૦ લોકોને સ્થાનિક ગ્રામ પંચાયત, પ્રાથમિક શાળા અને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. કામરેજના ચીખલી ગામમાં ૩૪ લોકોનું સ્થળાતર કરાયું હતું. માંગરોળ તાલુકાના વસરાવી, લુવારા, હરણગામ, વાંકલ, ભીલવાડા, ખરેડા સહિતના બોરીયા, શાહ, અંબાવાડી સહિતના ગામોમાંથી ૩૨૧ લોકોને પ્રાથમિક શાળાઓ અને સગાસંબંધીઓના ઘરે સુરક્ષિત રીતે ખસેડાયા હતા. ઓલપાડના કીમ, કંટાસણ, મિર્ઝાપુર, વડદ, અંટોલી, ટકારા અને ઓલપાડ ગ્રુપ વિસ્તારમાંથી કુલ ૯૯ લોકોને પ્રાથમિક શાળાઓ અને કમ્યુનિટી હોલ ખાતે જયારે ચોર્યાસીના સેગવા અને અન્ય વિસ્તારોમાંથી ૪૦ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. અંબિકાન તાલકુાના મહુવરીયા, ઉમરા, ભોરીયા, તરકારી સહિતના ગામોમાંથી ૧૫૧ લોકો, અરેઠ તાલુકાના ટુકેદ, પાતલ, બોરીગાળા, પરવાટ ગામોના ૭૬ તથા માંડવી તાલુકાના બોરી ગોડસંબા, ઈસર, લાડકુવા ગામોના ૨૭૬ લોકોને સ્થળાંતર કરાયું હતું. સ્થળાંતરિત કરાયેલા તમામ નાગરિકો માટે સ્થાનિક પ્રાથમિક શાળાઓ, કમ્યુનિટી હોલ અને ગ્રામ પંચાયતોમાં ભોજન અને રહેવાની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે. પલસાણા અને ઉમરપાડા જેવા વિસ્તારો પર તંત્ર દ્વારા સતત નજર રાખવામાં આવી રહી છે અને જરૂર પડે તાત્કાલિક સ્થળાંતર કરવા માટેની સંપૂર્ણ તૈયારીઓ રાખવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તમામ નાગરિકોને અફવાઓથી દૂર રહેવા અને સ્થાનિક પ્રશાસનની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

### પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાને વધુ પાંચ વર્ષ સુધી ચાલુ રાખવાનો ઐતિહાસિક નિર્ણય

# ખેડૂતોનું સન્માન, સમૃદ્ધિ અને આત્મનિર્ભરતા એ વિકસિત ભારતનો મજબૂત પાયો છે: શ્રી હિરેન હિરપરા

## ૩.૧૫ લાખ કરોડની જંગી ફાળવણી સાથે ખેડૂતોના કલ્યાણ પ્રત્યે કેન્દ્ર સરકારની અડગ પ્રતિબદ્ધતા

કમલમ્,ગાંધીનગર

ગુજરાત પ્રદેશ કિસાન મોરચા દ્વારા દેશના કરોડો અન્નદાતાઓના હિતમાં કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા ઐતિહાસિક નિર્ણયને આવકારતાં, ભારતના લોકપ્રિય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ તથા કેન્દ્રીય મંત્રીમંડળનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN) યોજનાને વર્ષ: ૨૦૨૬-૨૭ થી ૨૦૩૦-૩૧ સુધી વધુ પાંચ વર્ષ માટે યથાવત્ રાખવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ સમયગાળા દરમિયાન યોજના માટે ૩.૧૫ લાખ કરોડની નાણાકીય ફાળવણીને પણ મંજૂરી આપવામાં આવી છે. યોજના હેઠળ પાત્ર ખેડૂત પરિવારોને દર વર્ષે ૬,૦૦૦ની સહાય ત્રણ સમાન હપ્તામાં ડાયરેક્ટ બેનેફિટ ટ્રાન્સફર - DBT દ્વારા સીધી તેમના બેંકખાતામાં જમા કરવામાં આવશે.

ગુજરાત પ્રદેશ કિસાન મોરચાના પ્રમુખ શ્રી હિરેન હિરપરાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાને વધુ પાંચ વર્ષ સુધી ચાલુ રાખવાનો નિર્ણય દેશના કરોડો અન્નદાતાઓ પ્રત્યે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની સંવેદનશીલતા, સન્માન અને પ્રતિબદ્ધતાનું એક જીવંત ઉદાહરણ છે. ખેડૂતોના કલ્યાણને કેન્દ્રસ્થાને રાખીને સતત નિર્ણયો લેતી આ સરકાર સાચા અર્થમાં અન્નદાતાની સરકાર છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના તાજેતરના હપ્તા અંતર્ગત ગુજરાતના અંદાજે ૫૧.૨૮ લાખ પાત્ર ખેડૂત પરિવારોને સીધી આર્થિક સહાય તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવી હતી. યોજનાને આગામી પાંચ વર્ષ સુધી ચાલુ રાખવાના નિર્ણયથી ગુજરાતના લાખો ખેડૂતોને આવકની નિશ્ચિતતા મળશે તેમજ વાવેતર, બીજ, ખાતર, કૃષિ સાધનો અને અન્ય કૃષિ રોકાણ માટે સમયસર નાણાકીય સહાય ઉપલબ્ધ રહેશે. આ ઉપરાંત શ્રી હિરપરાએ જણાવ્યું હતું કે, ગુજરાતના ખેડૂતો નવી ટેક્નોલોજી અપનાવીને ઉત્પાદનક્ષમ ખેતી તરફ આગળ વધી રહ્યા છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ દ્વારા મળતી સીધી સહાય ખેડૂતોને આત્મવિશ્વાસ આપે છે, ખેતી ખર્ચમાં રાહત આપે છે અને ખેતીને વધુ મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આગામી પાંચ વર્ષ સુધી યોજનાની નિરંતર અમલવારી રાજ્યના ખેડૂતો માટે અત્યંત ઉપયોગી સાબિત થશે. શ્રી હિરપરાએ વધુમાં જણાવ્યું હતું કે, ડાયરેક્ટ બેનેફિટ ટ્રાન્સફર-DBT વ્યવસ્થાએ ખેડૂતોને સહાય સીધી તેમના ખાતામાં પહોંચાડીને પારદર્શિતા વધારી છે.

આ વ્યવસ્થા સુશાસન અને ટેક્નોલોજીના સફળ સમન્વયનું ઉત્તમ ઉદાહરણ છે. કેન્દ્ર સરકારના આ નિર્ણયથી દેશના ૯.૪૯ કરોડથી વધુ પાત્ર ખેડૂત પરિવારોને આગામી પાંચ વર્ષ સુધી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો લાભ સતત મળતો રહેશે. ખેડૂતોની આવક સુરક્ષા, કૃષિમાં રોકાણ, આત્મનિર્ભર ખેતી અને ગ્રામ્ય અર્થવ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં આ નિર્ણય મહત્વપૂર્ણ સાબિત થશે. શ્રી હિરપરાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર ખેડૂતોના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત છે. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો પાંચ વર્ષનો વિસ્તાર દેશના ખેડૂતો પ્રત્યે સરકારના વિશ્વાસ અને જવાબદારીનો મજબૂત પુરાવો છે. અંતમાં ભારતીય જનતા પાર્ટી કિસાન મોરચાના અધ્યક્ષ શ્રી હિરપરા એ જણાવ્યું હતું કે, ગુજરાત પ્રદેશ કિસાન મોરચા દ્વારા ખેડૂતોના હિતમાં લેવાયેલા આ ઐતિહાસિક નિર્ણય બદલ ભારતના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય મંત્રીમંડળ, કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય તેમજ દેશના દરેક અન્નદાતાના કલ્યાણ માટે સતત કાર્યરત સમગ્ર કેન્દ્ર સરકારનો હૃદયપૂર્વક આભાર અને કેન્દ્ર સરકાર સતત ખેડૂતોના હિતને કેન્દ્રમાં રાખી આવા વધુ નિર્ણયો લેતી રહેશે એવો અમને અને આ દેશની જનતાને સંપૂર્ણ વિશ્વાસ છે.

